પારૂલ ઈન્સ્ટીટ્યૂટના ઓટોમોબાઈલના વિદ્યાર્થીઓએ

# વિકલાંગ તેમજ વૃધ્ધો માટે ટુ વ્હિલરમાં રિવર્સ ગીયર બેસાડ્યો

## ■ હવે મોટરસાઈકલ અને સ્કૂટરમાં પણ રિવર્સ ગીયર બેસાડી શકાશે

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા.૯

રિવર્સ ગીયર એટલે ફોર વ્હિલરનો ઈજારો ગણાય પરંતુ શહેરના ઓટોમોબાઈલ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ ટુ વ્હિલરમાં રિવર્સ ગીયરની પધ્ધતિ વિકસાવીને ફોર વ્હિલરનો ઈજારો તોડી નાખ્યો છે પ્રાથમિક સંશોધનમા જ આ પ્રયોગને સફળતા મળતા વિદ્યાર્થીઓ ટુ વ્હિલર વ્હિકલમાં વધુ સુવિધાઓના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ સંશોધન વિદ્યાર્થીઓએ વૃધ્ધ અને અપંગ લોકોને અર્પણ કર્યુ હતું.

ખાસ કરીને વૃધ્ધો અને અપંગો ટુ વ્હિલરનો ઉપયોગ કરે છે ત્યારે સ્થિતિ એવી આવે છે કે જ્યારે વાહનને પાછળ લેવું હોય એટલે રિવર્સ લેવું હોય ત્યારે વાહનને બંધ કરીને શારીરિક શ્રમથી જ તેને પાછળ ખેંચવુ પડે છે જે અપંગો અને વૃદ્ધો માટે અશક્ય છે.

વૃધ્ધો અને અપંગોની આ લાચારી દૂર કરવા શહેર નજીક આવેલી પારૂલ ઈન્સ્ટિટ્યૂટના કેટલાક વિદ્યાર્થીઓ મેદાને પડ્યા.

ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલના છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પાર્થ ચૌહાણ, સારંગ ભાવે, હર્ષ શેઠ, સચિન પારેખ, હિરેન મેંગર અને નિખિલ પ્રજાપતિએ પોતાના ટ્રેઈનિંગ પ્રોજેક્ટમાં ટુ વ્હિલરમાં



રિવર્સ ગીયર લગાવવાનું બિડુ ઝડપી લીધુ.

તેઓએ આ માટે ગીયર વિનાના વ્હિકલ કાઇનેટીકની પસંદગી કરી અને એન્જિનમાંથી નિકળતા સાફ્ટ સાથે રિવર્સ ગીયર બોક્ષને જોડી દીધુ અને એન્જિન સિવાયના ભાગોમા કેટલાક ટેકનિકલ ફેરફારો કરીને માત્ર ૬ દિવસમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો આ માટે તેઓએ કાઈનેટીકને ટુ વ્હિલરમાંથી થ્રી વ્હિલરમાં બદલવું પડ્યું હતું.

છ દિવસની મહેનત બાદ જ્યારે રિવર્સ ગેર સાથેના કાઇનેટીકની પ્રથમ સવારી કરાઇ ત્યારે પ્રથમ સવારીએ જ રિવર્સ ગેરને વ્યવસ્થિત કામ કરતો જોઇને વિદ્યાર્થીઓ આનંદિત થઇ ગયા હતા.

આ પ્રોજેક્ટની સફળતાનો શ્રેય વિદ્યાર્થીઓએ માર્ગદર્શકો એસ.વી.ત્રિવેદી, કે.સી.જોષી, શૈલેષ પરમાર અને એમ.એન.પટેલને આપ્યો હતો. પારૂલ ઈન્સ્ટિટ્યૂટના ડૉ.દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે ટેકનોલોજી તો જ સફળ ગણાય જો તે સમાજ ઉપયોગી હોય પારૂલે હંમેશા સમાજ ઉપયોગી બાબતોને અગ્રતા આપી છે અને પારૂલના વિદ્યાર્થીઓનું ઘડતર પણ તે પ્રમાણે જ કરાય છે.